NAVSARI AGRICULTURAL UNIVERSITY
**શ્રી સી. બી. નાયક**
**હિસાબ નિયામક**

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**
**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**
**ઈ–મેઇલ: comptroller@nau.in**
**ફોન: (ઓ): ૯૪૦૯૧૦૫૮૪૮ (મો): ૯૮૨૫૦૪૩૭૫૮**

જા.નં. નકૃયુ/હિનિ/વહટ/**૨૪૦૭**/૨૦૨૨ — તા. ૨૧/03/૨૦૨૨

## જાહેરાત

**નોટિસ બોર્ડ/ વેબસાઈટ**
હિસાબ નિયામકશ્રીની કચેરી,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

**વિષય:– યુનિવર્સિટીની આવકનું આવકવેરા રિટર્ન** ફાઈલ કરવાની કામગીરી માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રોકવા બાબત...

આથી સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટીની આવકનું **આવકવેરા રિટર્ન** ફાઈલ કરવાની કામગીરી કરાવવા માટે **ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ** પાસે શીલબંધ કવરમાં **ભાવ** મંગાવવામાં આવે છે, તો રસ ધરાવતી પાર્ટીઓએ ઉક્ત કામગીરીના **તમામ ટેક્ષ સહિતના** ભાવો અત્રેની કચેરીને મોડામાં મોડા **તા.૨૯/03/૨૦૨૨** ના **સાંજે ૧૮:૧૦** સુધીમાં **ટપાલ/ કુરિયર અથવા રૂબરૂ** મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

**વધુમાં, સદર કામગીરી માટે ભાવો ભરવા માટે આ સાથે જણાવવામાં આવેલ કોઈપણ બાબતે મુંઝવણો જણાય તો રૂબરૂ અત્રેની કચેરીનો સંપર્ક કરી આપની મુંઝવણો અંગે માર્ગદર્શન મેળવી શકો છો.**

**સદરહુ કામગીરી સામેલ નિયમો, બોલીઓ અને શરતો મુજબ કરવાની રહેશે.**

**હિસાબ નિયામક**

**❋ યુનિવર્સિટીની આવકનું આવકવેરા રિટર્ન ફાઈલ કરવા જેવી કામગીરી માટેના નિયમો, બોલીઓ અને શરતો :-**

(૦૧) નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી તમામ પ્રકારની આવકનું **આવકવેરા રિટર્ન** ફાઈલ કરી યુનિવર્સિટીની કોઈપણ આવકો માંથી કરવામાં આવેલ આવકવેરા કપાતની તમામ એન્ટ્રીઓની યોગ્ય ચકાસણી કરી નિયમો પ્રમાણે રીફંડ મળવા પાત્ર થતી આવકવેરા રકમ પરત મેળવી આપવા સુધીની કામગીરી સરકારશ્રીના જે તે સમયે લાગુ પડતાં નિતિ-નિયમો મુજબ સમય મર્યાદામાં કરવાની રહેશે.

(૦૨) સદર કામગીરી માટે અત્રેની કચેરીમાં સદર કામગીરી સાથે સંકળાયેલા કર્મચારી દ્વારા માહિતી પૂરી પાડવામાં ન આવે તો તેની જાણકારી અત્રેની કચેરીને કટ ઓફ ડેઈટ પહેલા ઈમેલ દ્વારા જાણ કરવાની રહેશે.

(03) સદર કામગીરી માટે તમામ પ્રકારના કરવેરા સહિતના ભાવો રજૂ કરવાના રહેશે.

(0૪) સદર કામગીરી માટે મંજૂર થયેલ ભાવો ઉપરાંત કોઈપણ પ્રકારનું ખાનગી/છુપા (હિડન) ચાર્જ, મુસાફરી ભથ્થું, લોજિંગ/બોર્ડિંગ જેવા કોઈપણ પ્રકારના વધારાના ભથ્થા/ચાર્જ ચૂકવવામાં આવશે નહીં.

(૦૫) સદર કામગીરીના બીલના ચૂકવણા માંથી સરકારશ્રીના નિતિ-નિયમો મુજબ કરવેરાની કપાત કરવામાં આવશે.

(૦૬) સદર કામગીરી સંદર્ભે સરકારશ્રીના **IT** વિભાગ તરફથી મળતી નોટિસોનું નિવારણ માટે જવાબો તૈયાર કરવાથી લઇ સદર સમસ્યાનું નિરાકરણ લાવવા સુધીની તમામ કામગીરી કરવાની રહેશે.

(૦૭) સદર કામગીરી સંદર્ભે અત્રેની યુનિવર્સિટીની ભૂલ ન હોય અને સમયમર્યાદામાં રિટર્ન ફાઈલ ન થવાના કારણે જો કોઈપણ પ્રકારની પેનલ્ટી ભરવા અંગેના પ્રશ્નો ઉપસ્થિત થાય તો તે પેનલ્ટીની રકમ ચૂકવવાની જવાબદારી પસંદી પામેલ એજન્સી/ પાર્ટીની રહેશે.

(૦૮) સદર કામગીરી દરમ્યાન યુનિવર્સિટીના આ કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રી/કર્મચારીઓને જરૂરિયાત મુજબની તાલીમ વ્યવસ્થા **Online/Offline** સ્વરૂપે પૂરી પાડવાની રહેશે તેમજ તાલીમ દરમ્યાન તાલીમ સંબંધિત જરૂરી માહિતીઓ ડીજીટલ/ પ્રિન્ટ કોપી સ્વરૂપે ઉપલબ્ધ કરાવવાની રહેશે.

(૦૯) સદર કામગીરી અંગે યુનિવર્સિટી માટે મેળવેલ અથવા યુનિવર્સિટી તરફથી ફાળવવામાં આવેલ કોઈપણ પ્રકારની સર્વિસના યુઝર **ID** અને **Password** આપનો કોન્ટ્રાક્ટ પિરિયડ પૂર્ણ થતાં યુનિવર્સિટીની જે તે કચેરીને પરત કરી અત્રેની કચેરીને તે અંગેની જાણ કરવાની રહેશે.

(૧0) સદર કામગીરી માટે કોઈપણ એજન્સી/ પાર્ટીનાં ભાવ/ ભાવપત્રક સ્વીકારવા કે ન સ્વીકારવા એ અંગેના તમામ હકો સદર કામગીરીની ખરીદ પ્રક્રિયા માટે નક્કી કરવામાં આવેલ સમિતિના રહેશે.

(૧૧) સદર કામગીરીની ખરીદ પ્રક્રિયા માટે નક્કી કરવામાં આવેલ સમિતિ જયારે ઈચ્છે ત્યારે ખરીદ પ્રક્રિયા રદ જાહેર કરી સ્થગિત કરી શકે છે અથવા રદ કરી સમગ્ર ખરીદ પ્રક્રિયા ફરીથી શરૂ કરી શકે છે.

(૧૨) સદર કામગીરીની ખરીદ પ્રક્રિયા માટે નક્કી કરવામાં આવેલ સમિતિ જે કોઈપણ નિર્ણય કરશે એ આખરી ગણવામાં આવશે.

(૧૩) સદર કામગીરી માટે પસંદગી પામેલ એજન્સી/ પાર્ટીના ભાવ કુલ **૩ નાણાંકીય વર્ષ (સને ૨૦૨૨–૨૩ થી સને ૨૦૨૪–૨૫)** માટે મંજુર/ ફિક્ષ ગણવામાં આવશે.

(૧૪) સદર કામગીરી માટે જે તે નાણાંકીય વર્ષ પ્રમાણે વર્ક ઓર્ડર આપવામાં આવશે.

(૧૫) સદર કામગીરી માટે પસંદગી પામેલ એજન્સી/ પાર્ટીનું બીલનું ચુકવણું કામગીરી પૂર્ણ કાર્ય બાદ કરવામાં આવશે.

(૧૬) સદર કામગીરી માટે નવા વર્ષનો વર્ક ઓર્ડર પસંદગી પામેલ એજન્સી/ પાર્ટીની કામગીરી સંતોષકારક હશે તોજ આપવામાં આવશે અને નવા વર્ષે પણ મંજુર થયેલ ન્યુનતમ ભાવેજ અરસપરસ સહમતીથી સદર કામગીરી જણાવેલ નિયમો, બોલીઓ અને શરતો મુજબ કરવાની રહેશે.

(૧૭) સદર કામગીરી માટે કોઈપણ પ્રકારનું અગાઉથી (એડવાન્સ) ચુકવણું કરવામાં આવશે નહીં.

(૧૮) સદર કામગીરીના ભાવો તેમજ જરૂરી આધારો જમા કરાવવા માટે જુદાજુદા કુલ **૩ (ત્રણ) કવર** બનાવવાના રહેશે.

**(૧) તકનીકી દસ્તાવેજનું કવર.**

જેમાં સદર અવતરણ પત્ર (કવોટેશન પત્ર)/ નોટિસ બોર્ડની જાહેરાતથી માંગવામાં આવેલ તમામ આધારો, બાંહેધરી તેમજ લાયકાત અને માપદંડના આધાર પુરાવા સામેલ રાખવા.

**(૨) ભાવ પત્રક (સીલબંધ).**

જેમાં ફક્ત સદર કામગીરી માટેના તમામ કરવેરા સહિતના ભાવો દર્શાવતું ભાવ પત્રક સામેલ રાખવું. (એજન્સી/ પાર્ટીના લેટર હેડ ઉપર). આ કવર સીલબંધ ન હશે તો ભાવો માન્ય રાખવામાં આવશે નહીં.

| **અ.નં.** | **કામગીરીની વિગત** | **તમામ કરવેરા સહિતની કુલ રકમ (વાર્ષિક)** |
|---|---|---|
| **(૦૧)** | નવસારી કૃષિ યુનિવર્સિટીની આવકનું **આવકવેરા રિટર્ન** ફાઈલ કરવાની કામગીરી. | |
| **કુલ રકમ શબ્દોમા:** | | |

**(૩) મુખ્ય કવર (સીલબંધ)**

જેમાં ઉપરોક્ત બન્નેવ **(૧)** તકનીકી દસ્તાવેજનું કવર અને **(૨)** ભાવ પત્રકનું સીલબંધ કવર સામેલ રાખવા.

મુખ્ય કવર ઉપર "**<u>યુનિવર્સિટીની આવકનું આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની કામગીરી</u>**" કરાવવા માટેના ભાવો સ્પષ્ટ લખવાનું રહેશે. આપના ભાવો **ટપાલ/ કુરિયર અથવા રૂબરૂ** આ કચેરીને નિર્ધારિત તારીખ સુધીમાં મળે તે મુજબ મોકલી આપવાના રહેશે અન્યથા આપના ભાવો ગ્રાહ્ય રાખવામા આવશે નહીં.

(૧૯) સદર કામગીરી માટે એજન્સી/ પાર્ટીની પસંદગી માટે એવીજ એજન્સી/ પાર્ટીના ભાવ પત્રક ખોલવામાં આવશે જેના તમામ ફરજિયાત મંગાવવામાં આવેલ તકનીકી દસ્તાવેજ પૂરતા અને સાચા હશે.

(૨૦) સદર કામગીરી માટે એજન્સી/ પાર્ટીની પસંદગી ભાવોના કુલ સરવાળાના ન્યુનતમ ભાવ ઉપરથી કરવામાં આવશે.

(૨૧) સદર કામગીરીની ખરીદ પ્રક્રિયામાં તકનીકી દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ ૩ (ત્રણ) કરતા ઓછી એજન્સી/ પાર્ટીઓ લાયક (ક્વોલિફાય) થવા પામશે તો સદર કામગીરી માટે નક્કી કરવામાં આવેલ સમિતિ ઈચ્છે તો ગેરલાયક (ડીસ-ક્વોલિફાય) ઠરેલ એજન્સી/ પાર્ટીઓના ભાવો ખોલવાનો નિર્ણય લઇ શકે છે.

(૨૨) સદર કામગીરીના સ્પર્ધાત્મક ભાવો મેળવવા અને કામગીરી ઉચ્ચ ગુણવત્તા માટે સદર કામગીરી માટે નક્કી કરવામાં આવેલ સમિતિ જે નિર્ણય કરશે એ માન્ય ગણવામાં આવશે.

(૨૩) સદર કામગીરી માટે પસંગી પામેલ એજન્સી/ પાર્ટીએ પોતાના સ્વખર્ચે ₹ 300 ના સ્ટેમ્પ પેપર ઉપર "**Comptroller, Navsari Agricultural University**" સાથે **(SLA)** સર્વિસ લેવલ એગ્રીમેન્ટ ફરજિયાત કરવાનું રહેશે.

**(૨૪) સદર કામગીરી માટે પસંદગી પામેલ એજન્સી/ પાર્ટી કોઈપણ કારણોસર જણાવેલ નિયમો, બોલીઓ અને શરતો મુજબ સર્વિસ/ કામગીરી કરવામાં નિષ્ફળ નીવડે તો અત્રેની યુનિવર્સિટીમાં એ એજન્સી/ પાર્ટીને કુલ ૫ (પાંચ) વર્ષ માટે બ્લેકલિસ્ટેડ કરવામાં આવશે તેમજ એજન્સી/ પાર્ટીને અત્રેથી સદર કામગીરી માટે જે તે વર્ક ઓર્ડર માટે કોઈ રકમનું ચુકવણું કરવામાં આવેલ હશે તો ચૂકવેલી રકમ ઉપરાંત ૧૦ ટકા લેખે દંડ (પેનલ્ટી)ની રકમ સહિત પરત કરવાની રહેશે.**

(૨૫) સદર કામગીરી માટે મંગાવવામાં આવેલ તમામ લાયકાત અને માપદંડ માટેના આધાર પુરાવા માંથી કોઈપણ આધાર પુરાવા ખોટા સાબિત થશે તો સદર કામગીરી માટે નક્કી કરવામાં આવેલ સમિતિ ઈચ્છે તો અત્રેની યુનિવર્સિટીમાં ખોટા આધાર પુરાવા રજુ કરનાર એજન્સી/ પાર્ટીને બ્લેકલિસ્ટેડ કરવા સુધીની કાર્યવાહી કરી શકશે.

**યુનિવર્સિટીની આવકનું આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની કામગીરી માટેના તમામ નિયમો, બોલીઓ અને શરતો (૦૧ થી ૨૫) અમને માન્ય છે.**

**એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો**

## ❋ યુનિવર્સિટીની આવકનું આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની કામગીરી માટે ફરજિયાત જમા કરાવવાના આધાર પુરાવાની લાયકાત અને માપદંડ :–

(૦૧) સદર કામગીરી માટે રસ ધરાવતી એજન્સી/ પાર્ટીએ **ICAI** નું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.

(૦૨) સદર કામગીરી માટે રસ ધરાવતી એજન્સી/ પાર્ટી ઓછામાં ઓછા **૫ (પાંચ)** વર્ષથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની કામગીરી સાથે સંકળાયેલી હોવી ફરજિયાત જરૂરી છે. એજન્સી/ પાર્ટીનું વેલિડ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે.

(૦૩) કોઈપણ ગવર્મેન્ટ સંસ્થાની **આવકનું આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની કામગીરી** કરી હોઈ એવા ઓછામાં ઓછા **૧ (એક)** વર્ક ઓર્ડર અથવા કામગીરી સંતોષકારક પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૦૪) સદર કામગીરી માટે રસ ધરાવતી એજન્સી/ પાર્ટીનું વાર્ષિક ટર્નઓવર ઓછામાં ઓછુ **૧૫ લાખ** હોવું જરૂરી છે. માન્ય હોય એવા આધારો અથવા બેલેન્સસીટ સામેલ રાખવું.

(૦૫) સદર કામગીરી માટે રસ ધરાવતી એજન્સી/ પાર્ટી પાસે પેરોલ ઉપર ઓછામાં ઓછા **૨ (બે)** ક્વોલિફાઇડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, **૧ (એક)** સેમી-ક્વોલિફાઇડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (મુખ્ય એકાઉન્ટ ડિગ્રી હોવી જરૂરી છે) અને ઓફીસ કામગીરી માટે જેવીકે હિસાબી, કોમ્પ્યુટર ઓપરેટીંગ તેમજ ડેટા એન્ટ્રી જેવી કામગીરી માટે **૨ (બે)** ઓફીસ કર્મચારી હોવા જરૂરી છે. દરેક કર્મચારીઓના સર્ટિફિકેટ તેમજ અન્ય પુરાવા ખરી નકલ કરી રજુ કરવાના રહેશે.

**યુનિવર્સિટીની આવકનું આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની કામગીરી માટેના તમામ લાયકાત અને માપદંડ માટેના આધાર પુરાવા અમારા વ્દારા સાચા અને યોગ્ય ખરાઈ કરી રજુ કરવામાં આવેલ છે અને જો કોઈપણ આધાર પુરાવા ખોટા સાબિત થયે તો સદર કામગીરી માટે નક્કી કરવામાં આવેલ સમિતિ જે નિર્ણય કરશે એ અમને માન્ય રહેશે.**

**એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો**

**❋ એજન્સી/ પાર્ટીના લેટર હેડ ઉપર ફરજિયાત આપવાની થતી બાંહેધરીનો નમુનો :–**

# ⁂ બાંહેધરી ⁂

**વિગત:– યુનિવર્સિટીની આવકનું આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની કામગીરી.**

આથી બાંહેધરી આપવામાં આવે છે કે, અમારી એજન્સી/ પાર્ટી ................................................ ને કોઈપણ ગવર્મેન્ટ/ સેમી ગવર્મેન્ટ સંસ્થા તરફથી બ્લેકલિસ્ટેડ કરેલ નથી. સદર કામગીરી માટે અમારા દ્વારા ઓફર કરવામાં આવેલ ભાવ તમામ પ્રકારના કરવેરા સહિતના અને અવતરણ પત્ર (કવોટેશન પત્ર)/ નોટિસ બોર્ડની જાહેરાતમાં જણાવેલ તમામ સદર કામગીરી માટેના નિયમો, બોલીઓ અને શરતો તેમજ લાયકાત માટેના માપદંડ ધ્યાને લઇને માન્ય રાખીને આપવામાં આવેલ છે. આ ઉપરાંત અમારા દ્વારા આપવામાં આવેલ કોઈપણ માહિતીઓ ખોટી પુરવાર થશે તો સદર કામગીરી માટે એજન્સી/ પાર્ટી નક્કી કરવાની પ્રક્રિયા દરમ્યાન અમારી એજન્સી/ પાર્ટીને અસ્વીકાર (રીજેક્ટ) કરવામાં આવે **અથવા** અમારી એજન્સી/ પાર્ટીની પસંદગી સદર કામગીરી માટે થયા બાદ કોઈપણ સમયે અમારા દ્વારા આપવામાં આવેલ કોઈપણ માહિતીઓ ખોટી પુરવાર થશે **અને** અમારો કરાર રદ કરવામાં આવે તો આ બન્નેવ કંડીશનો માં અમારા દ્વારા કોઈપણ પ્રકારના હક દાવા કરવામાં આવશે નહીં અને આ બાબતે નવસારી કૃષિ યુનિવર્સિટી જે નિર્ણય કરશે એ અમને માન્ય રહેશે તેમજ અમારી એજન્સી/ પાર્ટી ઉપર **સદર કામગીરી માટેના નિયમો, બોલીઓ અને શરતોના મુદ્દા નંબર (૨૪/૨૫) મુજબ કાર્યવાહી કરવામાં આવે તો એ બાબતે અમારા દ્વારા સંપૂર્ણ સહકાર આપવામાં આવશે અને માન્ય રહેશે.**

**એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો**